આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ આપવા માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ) અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને વર્ષ:૨૦૨૫-૨૬ માટે મંજૂર થયેલ ગ્રાન્ટ ફાળવવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- SJED/NIR/e-file/17/2024/2225/J,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૦૭/૧૦/૨૦૨૫

**વંચાણમાં લીધા:-**

**૧.** નાણા વિભાગનો તા:૦૧/૦૪/૨૦૨૫નો પરીપત્ર ક્રમાંક: FD/MSM/e-file/ 4/ 2025/ 0714/ Budget-K.
**૨.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૨/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2024/2225/J.
**૩.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૭/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2024/2225/J
**૪.** નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૮/૦૯/૨૦૨૫નો પત્ર ક્રમાંક:-DSCWG /WRA/e-file/224/2025/1303/M.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક:૦૨ પરના તા:૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે લોન આપવા અંગે રૂ.૫૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક:૦૩ પરના તા.૦૩/૦૭/૨૦૨૫ના સરખા ક્રમાંકના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને પ્રથમ ત્રણ માસ માટે કુલ રૂ.૧૨.૫૦ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મુકવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક:૦૪ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્રથી વર્ષ:૨૦૨૫-૨૬, આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ આપવા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ના હવાલે બાકી રહેતી તમામ ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સીધા ધિરાણ યોજના હેઠળ વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ કરવા અંગે વર્ષ:૨૦૨૫-૨૬ માટે થયેલ બજેટ જોગવાઈ પૈકીની બાકી રહેતી તમામ ગ્રાન્ટ જેમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને રૂ.૧૫.૦૦ કરોડ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને રૂ.૭.૫૦ કરોડ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને રૂ.૧૫.૦૦ કરોડ એમ કુલ રૂ.૩૭.૫૦ કરોડ સબંધિત નિગમને હવાલે મુકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સદર ગ્રાન્ટના ઉપયોગ માટે નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૫ના પરીપત્ર અને અત્રેના વિભાગના તા.૦૨/૦૫/૨૦૨૫ના ઠરાવની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**બજેટ સદર:- ૯૫-૬૨૨૫-૦૧-૧૯૦-૦૪**

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૨૯/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર.
૮. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
૯. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
૧૦. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. સેક્શન અધિકારીશ્રી, ગ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
૧૩. પસંદગી ફાઇલ-૨૦૨૫.